# પ્રકરણ:૫

# 'મિત્રો મરજાની'– હિન્દી નવલકથામાં નારીછબીનો અભ્યાસ

# પ્રકરણ:૫ 'મિત્રો મરજાની'– હિન્દી નવલકથામાં નારીછબીનો અભ્યાસ

'મિત્રો મરજાની' એ હિન્દી ભાષામાં લખાયેલી નારીના વિદ્રોહને પ્રગટ કરતી નવલકથા છે. કૃષ્ણા સોબતી આ નવલકથાના લેખિકા છે. ઈ.સ. ૧૯૬૭ માં આ નવલકથા પ્રથમ વાર પ્રગટ થઈ. ત્યાર સુધીની નવલકથાઓમાં ન જોવા મળતાં નારીપાત્રોને કૃષ્ણા સોબતી એમની આ નવલકથામાં લઈ આવે છે, તેમજ સમાજની રૂઢિ અને પરંપરાઓ સામેનો વિદ્રોહ પણ અહીં અલગ સ્વરૂપે જોવા મળે છે.કૃષ્ણા સોબતીએ આ નવલકથા ઉપરાંત 'ડાર સે બિછુડી', 'સૂરજમુખી કે અંધેરે', 'જિંદગીનામાં', 'દિલો દાનિશ', 'સમય સરગમ કી' વગેરે નવલકથાઓનું પણ સર્જન કર્યું છે.

'મિત્રો મરજાની' નવલકથાની મૂળ હિન્દી પ્રતના આધારે આ નવલકથામાં નારી છબી ને તપાસીને તેનાં તારણો મેળવવામાં આવ્યા છે. જેમાં મુખ્ય નારીપાત્ર તેમજ ગૌણ નારીપાત્રો ની છબીને તપાસવામાં આવી છે.

## ૫.૧ કથાવસ્તુ:

'મિત્રો મરજાની' નવલકથામાં મિત્રોની ગૃહસ્થીની કથા છે. 'મિત્રો મરજાની' નવલકથાનું મુખ્ય નારીપાત્ર સુમિત્રાવંતી ઉર્ફે મિત્રો છે. ગામડામાં રહેતા (વસેલાં) મધ્યમવર્ગીય પંજાબી કુટુંબની તે પુત્રવધૂ છે. ગુરૂદાસ અને ધનવંતી તેનાં સસરા અને સાસુ છે. બનવારી અને સુહાગવંતી તેના જેઠ-જેઠાણી છે. ગુલઝારી અને ફુલાઁવંતી તેના દિયર-દેરાણી છે. સરદારીલાલ મિત્રોનો પતિ છે. આમ, મિત્રો એ ગુરૂદાસ અને ધનવંતી ની વચલી પુત્રવધૂ છે. કુલ આઠ સભ્યોના પરિવારમાં મિત્રોનું જીવન વ્યતીત થઈ રહ્યું છે. મિત્રો અત્યંત સ્વરૂપવાન અને કામુક સ્ત્રી છે. તેની પાછળ ગલીના અનેક પુરુષો પાગલ છે. તે પોતાના પતિ સરદાર પાસે પ્રેમ અને વાસનાની તૃપ્તિ માટે તડપે છે. તેનો પતિ તેની આ વાસના તૃપ્ત ન કરતાં સાસુ-સસરા કે જેઠ-જેઠાણી સામે તે પોતાની ઇચ્છા દર્શાવતાં ખચકાતી નથી.

જેઠાણી સુહાગવંતી નમ્ર, દયાળુ અને મદદગાર હોવાથી મિત્રો તેની સાથે પોતાની ઈચ્છાની વિષે ખુલ્લી ચર્ચા કરે છે. દેરાણી ફૂલાંવંતી કપટી હોવાથી ઝઘડાના સમયે પિયરના ઘરેણાં પાછા માંગે છે. તેનો પિયર પક્ષ સમૃદ્ધ હોવાને કારણે તે વડીલો સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરે ત્યારે મિત્રો તેને પાઠ ભણાવે છે. તેના આ વર્તનને કારણે તેની સાસુ અને જેઠાણી તેના ચારિત્ર્યનિર્ણયને લઈને દ્વિધામાં મૂકાઈ જાય છે. મિત્રોને સારા કે ખરાબ કોઈ માળખામાં મૂકી શકાય તેવી સ્ત્રી નથી.

તેને પોતાની જાતિયતાની ઈચ્છા મુક્ત રીતે વ્યકત કરવાનો સ્વભાવ છે. 'Sexually Active' હોવાને કારણે શરીરની કોઈ પણ ઈચ્છા અંગે વાત કરતાં તે અટકતી નથી. મર્યાદા-નૈતિકતા જેવા રૂપાળા વિશેષણો તેની શારીરિક તૃપ્તિ સામે આવી શકતા નથી. તેથી નવલકથાને અંતે માની સલાહથી તે વ્યભિચારના રસ્તે જવા તૈયાર થાય છે. પરંતુ, તેનો પતિ પ્રત્યેનો પ્રેમ અને તેની આગવી સૂઝ તેને તે રસ્તે જતાં રોકે છે. તે પતિ પાસે પાછી ફરે છે. નવલકથાનો અંત મિત્રોના વ્યક્તિત્વને વિશિષ્ટ રીતે આપણી સમક્ષ મૂકી આપે છે.

## ૫.૨ 'મિત્રો મરજાની' હિન્દી નવલકથાની મુખ્ય નારી છબીનો અભ્યાસ:

મિત્રો ની નારી છબીની વાત કરીએ તો, તેને સમાજ, કુટુંબ, ધર્મ, માન્યતા, રીતિ-રિવાજો, નીતિ વગેરેના કોઈ પણ બંધનો બાંધી શકતાં નથી. કૃષ્ણા સોબતીએ આ નારી છબીમાં નીડરતા, મોકળાશ, કામુકતાનો અનંત પ્રવાહ, સ્વતંત્રતા, કેટલેક અંશે સ્વચ્છંદતા, પ્રેમાળપણું, જીદ્દીલો સ્વભાવ, વાચાળતા જેવા અનેક લક્ષણોના સમન્વયરૂપી નારી ચરિત્રનું નિરૂપણ કર્યું છે. જેમાં કામ-વાસના અને પતિને પામવાની પ્રબળ ઉત્કંઠા મોખરે સ્થાન ધરાવે છે. આ નવલકથામાં આવેલા નારીપાત્રો કરતાં પણ અત્યંત વિલક્ષણ નારીપાત્ર તસવીર આપણને અહીં જોવા મળે છે.

મિત્રોના બાહ્ય દેખાવની વાત કરીએ તો, અત્યંત રૂપાળી, મોહક, સુરમો લગાવેલી મોટી આંખો તેમજ વાળથી પગ સુધી નખશિખ કામુક રસમાં તરબોળ અંગોપાંગવાળી એની દેહરચના છે. આ દેહની પાછળ નયામત થાનેદાર, રવેલ સિંહ, ઔતારચંદ, બેલીરામ, સોની, બનારસી યાર

વગેરે જેવાં અનેક ગલી-મહોલ્લાનાં પુરુષો તેમજ વેપારીઓ લોલુપ છે. તેમ છતાં, આ સુંદર દેહ નિહાળી સરદારીલાલની નિકટતા તે પામી શકી નથી તેના તેને અપૂર્વ રંજ છે. જે આ નવલકથાના મુખ્ય નારી પાત્ર મિત્રોની છબી નું મુખ્ય પરિબળ છે. તેની આ ઝંખના અને અતૃપ્તિ નવલકથાના અનેક પ્રસંગે સાસુ-સસરા કે જેઠ-જેઠાણી જેવા વડીલ સભ્યો સામે અનેકવાર ખુલ્લી રીતે, ખુલ્લા સંવાદો દ્વારા પ્રગટ કરવામાં આવી છે. મિત્રોને પોતાના જન્મની સચ્ચાઈ પણ જેઠાણી સામે પ્રગટ કરવામાં કોઈ ઓછપ કે શરમની લાગણી નથી આવતી. તે કહે છે કે, "સાત નદીયો કી તારુ, તવે-સી કાલી મેરી માં, ઔર મૈ ગોરી ચિટ્ટી ઉસકી કોખ પડી કહતી હૈ, ઇલાકે કે બડભાગી તહસીલદાર કી મુહદશ હૈ મિત્રો. અબ તુમ્હી બતાઓ, જીઠાની, તુમ-જૈસા સતબલ કહાં સે પાઉં-લાઉં?" (પૃષ્ઠઃ૨૦)

તેની કેટલાંય સમયની શરીરની અતૃપ્તિ તે જેઠાણી સુહાગવંતી સામે પ્રગટ કરતાં કહે છે કે, "બુરે માથેવાલે! મર્દ જન હોતે તો યા ચટખારે લે-લે મુઝે ચાટતે યા ફીર શેર કી તરહ કચ્ચા ચબા ડાલતે." (પૃષ્ઠઃ૧૭)

તેની દેહની અસહ્ય તરસ એટલી વધતી જાય છે કે તે તેના વડીલો સાથેના સંવાદોમાં નિર્લજ્જપણે પ્રગટ થાય છે. તે તેના જેઠને પણ કહેતાં શરમાતી નથી કે, "જેઠજી, અપની જીઠાની કી તૂલ તો મૈ કહાં પર એક નજર ઇધર ભી."(પૃષ્ઠઃ૨૨) તેની આ કામવાસના અવિરત પ્રવાહમાં સમાજ કે કુટુંબના કોઈ પણ બંધનો કે સંબંધો તેને આડે આવતા નથી. તેના આ સ્વભાવથી ઘરનાં દરેક સભ્ય પરિચીત છે. પતિ સરદારીલાલ અને જેઠ બનાવારીને તેના આ સ્વભાવ પ્રત્યે ઘણી ચીડ અને ગુસ્સો છે. તેથી જ પતિ સરદારી તેની નીકટ જતો નથી અને તેના આવા ખુલ્લા-વાચાળ સ્વભાવને તે માર-પીટ દ્વારા નિયંત્રણમાં લાવવા માંગે છે. મિત્રોના સ્વભાવથી પરિચીત જેઠ બનાવારી સુહાગવંતીને મિત્રોને લઈને અંદર જવાનું કહે છે અને સાથે ડર સાથે કહે છે કે, "ઇસકે બોલ એક બંદ ભી બાપુને સુન લિયા તો ઇસ ઘર મેં સવેરા ન હોગા."(પૃષ્ઠઃ૧૯)

મિત્રો અને તેનાં વડીલો તેમજ પતિ સાથેના સંવાદોથી મિત્રોની નારી છબી અને તેનો રૂઢિ, પરંપરા તેમજ બંધનો સામેનો વિદ્રોહ વધુ પ્રબળ બને છે. મિત્રોનો નવલકથામાં પરિચય જ વિદ્રોહ સાથે થાય છે. નવલકથાની શરૂઆતમાં મિત્રોનો પતિ સરદારીલાલ લાલ આંખો કરીને, ધોલ-ધપાટ કરતો તેને રૂમમાંથી ઢસડીને બહાર લાવે છે. એની સામે મિત્રોને આંખ નીચી કરવાનું કહેતાં તે પતિ સામે નીડરતાથી સ્થિર આંખો કરીને તેને જોયા કરે છે. ત્યાં જ તેના વિદ્રોહની શરૂઆત જણાય છે. આ મારપીટથી ત્રાસેલી સાસુ ધનવંતીને કહે છે કે, “માંજી, બેટે કી ચિંતા મેં તન ન સુખાઓ, ઇસકી કરની આમ હી ઈસે કાલે-પાનીયોં ભીજવાએગી.”(પૃષ્ઠઃ૧૩) આમ, માર ખાધા પછી પણ તેની બે-લગામ વાણી તેની નીડરતા અને સાહસને પ્રગટ કરે છે.

ઘરથી બહાર જતાં સરદારી અને બનવારીને મિત્રોના સંભળાતા કિસ્સા અને મિત્રોનાં યારોનાં બેફામ બોલાયેલાં વાક્યો અને સંદેશાઓથી તેઓ ત્રસ્ત છે. જ્યારે ઘરનાં તમામ સભ્યો ભેગાં થઈને મિત્રોને તેનાં ચાલ-ચલન વિષે સાચું જણાવવાનું કહે છે ત્યારે મિત્રો ભળતો જવાબ (Diplomatic Answer) આપે છે કે તે સાચું પણ છે અને ખોટું પણ છે. સાચું એ રીતે કે જગતના બંધનોને વિસરીને હું મનુષ્યની જાત તરીકે હસી-રમી લઉં છું. અને જુઠ્ઠું એટલે કે મારા પતિનાં આ રાજપાટ છોડીને હું બજારમાં થોડી બેઠી છું? આ પ્રસંગ પરથી જોઇ શકાય છે કે મિત્રોને વાકબાજીમાં કોઈ હરાવી શકે તેમ નથી. પોતાની જાતને બચાવવા માટે તે સાચું-જુઠ્ઠું કરતાં પણ ગભરતી નથી.

મિત્રોનો વિદ્રોહ એ અન્ય નવલકથાના નારીપાત્રો કરતાં અલગ છે. તેને ઝંડા લઈને મોરચામાં નીકળવું પડ્યું નથી. તેમજ તેને સ્વઓળખ માટેની ઝંખના પણ એટલીજ છે. તેની પતિ પ્રત્યેની કામવાસનામાં જેટલું સત્ય છે, એટલું જ સત્ય તેને પતિ પ્રત્યેના પ્રેમનું પણ છે. મિત્રોને દેરાણી ફૂલાઁવંતીની જેમ ઘરેણાં, ધન-સંપત્તિ કે મિલકત પ્રત્યે પણ કોઈ લગાવ નથી. તેથી જ નવલકથામાં એક પ્રસંગે પતિને પૈસાની જરૂર પડતાં વિના ખચકાટે તે પોતાનું બાજુ-બંધ ઉતારીને વેચાવા માટે આપી દે છે. બદલામાં તે ઝંખે છે પ્રેમ, સ્નેહ અને દેહની તૃપ્તિ!

'મિત્રોને પોતાની જાત ઉપરાંત, જેઠાણી અને સાસુ ધનવંતી પ્રત્યે પણ સ્નેહ છે. તેથી તે તેમનો પક્ષ લેવામાં પણ ગભરાતી નથી. સૌથી નાની દેરાણી ફૂલાવંતી પોતાના પતિને પોતાના પક્ષમાં લઈ લે છે, બેકાર પતિને તેના ઘરનાં સભ્યો સામે કાન-ભંભેરણી કરીને ચડાવે છે. આ ઉપરાંત, લગ્ન સમયે આવેલાં ઘરેણાં અને કપડાં પણ જેઠાણી અને સાસુ પાસેથી પાછા માંગે છે. આ પ્રસંગે તેનો સામનો કરી શકે તેવી એક જ સ્ત્રી છેઃ મિત્રો. તે દેરાણીની બરાબર ખબર લેતાં કહે છે કે, "શાબાશ, દેવરાની, શાબાશ! ઇસ ચિટ્ટે સિરવાલી કી તુમને અચ્છી બાત કી હૈ. પર ઇતના જાન લે દેવરાની, મૈ જો તેરે મર્દ કી માં હોતી તો, રાની તેરે ઇસ પિદકે સે સિર પર એક બાલ ન રહને દેતી."(પૃષ્ઠઃ૨૮)

દેરાણી તેનો ફોગટમાં સામનો કરવા જાય છે ત્યારે ખખડાવતી તે કહે છે કે, "હાથ ધો ડાલ દેવરાની, ઇનસે! અબ અગલે જનમ લેના!"..."મૈ તેરી જમદૂતી બસ! તૂને સાસ સે ટક્કર લી મૈંને માના, પર જિસકી તૂ જૂતી બરાબર ભી નહીં અબ ઉસકી ઇજ્જત-પત્ત ઉતારને ચલી હૈ? અરી, ચુપચાપ યહ ગહને અંદર ડાલ લે, નહીં તો ઉનસે ભી જાએગી."(પૃષ્ઠઃ૩૧)

મિત્રોના ફૂલાવંતી સાથેના આ પ્રતિકારથી એક સમય માટે સાસુ પણ વિચારમાં પડી જાય છે કે, મિત્રો ક્યાં પ્રકારની છે? તેને સાચી ગણવી કે તેના ચલ-ચલનને લીધે ખોટી ગણવી? ફૂલાવંતી અને મિત્રોમાંથી વધુ બુરાઈ કોની કહેવાય? ત્યાં આપણે જોઈ શકીએ છીએ કે, મિત્રો જે પણ રીતે વર્તે છે, તેના એ વર્તનમાં કોઈ પ્રકારનો દંભ નથી. તે જે છે એ બધાં સામે ખુલ્લી કિતાબ છે. તેને મન કામવાસનાઓની પૂર્તિ એ સર્વોચ્ચ ધ્યેય છે પણ તેનો આ ધ્યેય જોકે, વ્યક્તિગત રીતે કોઈને નુકસાન પહોંચાડતો નથી.

મિત્રોના આ ચરિત્ર પાછળનું પરિબળ પણ કૃષ્ણા સોબતી આ નવલકથામાં નિર્દેશ્યું છે. મિત્રોની માતા એ નૂરમહલની કસબણ છે. જે કુસંસ્કારી છે. જેને પોતાના જીવનમાં ઘણાં પુરુષો સાથે શરીર-સંબંધ બાંધી છે. આમ, મિત્રોનું બાળપણ જ આ ચલ-ચલન જોઈને વીત્યું છે. તેનામાં

બાળપણથી કામવાસનાના બીજ રોપાયેલાં છે. તેથી જ તે થોડા સમયના શરીરના મનોરંજનને જીવનનું સુખ માની બેઠી છે. પરંતુ મિત્રોને હકીકતમાં પતિપ્રેમ અને સંતાનપ્રાપ્તિની પણ એટલી જ ઈચ્છા છે. સો કૌરવોને જન્મ આપે એ એની ઈચ્છા છે. સરદારી લાલ પતિ હોવા છતાં તેનું મિત્રોથી નિકટ ન હોવું એ મિત્રોની ઈચ્છા અને અતૃપ્તિને વધુ પ્રબળ બનાવે છે. તેથી જ સમાજમાં થતી વાતોને દબાવવા અને શાંત પાડવા મિત્રોના કુટુંબીજનો તેને પિયર મોકલવા માટે વિચારે છે.

મિત્રો માટે સાસુ તેમજ પતિ અને જેઠ દ્વારા વપરાયેલાં વિશેષણો આ પ્રકારના છેઃ

૧. ખપાને કલપાનેવાલી બહુટી ૨. કૂડા (કચરો) ૩. બૈરિન (વેરી) ૪. ધર્મ-પિટ્ટી ૫. છીનાલ ૬. મર્દો કો નચાતી પૂતલી. ૭. જરનૈલી નાર ૮. જાદુગરની

આ વિશેષણો અને અપશબ્દો દ્વારા સ્વતંત્ર કે સ્વચ્છંદ રીતે જીવતી સ્ત્રી પ્રત્યે સમાજનો દૃષ્ટિકોણ પ્રગટ થાય છે.

મિત્રો જ્યારે પિયરની ગલીમાં પગ મૂકે છે ત્યારે મહોલ્લાના પુરુષોનો પ્રતીભાવ કઈક આ પ્રકારનો છેઃ

૧. "યાર રવેલ સિંહ, આઈ બસંત ઔર પાલા ઉડંત."(પૃષ્ઠઃ૮૮)

૨. "ફિટક, ઓ ઔતારચંદ! તુઝે પાલા કક્કર પહલે હી માર ગયા! મેરે યાર, ચૂલ્હા જલા સૈક લે અપને હાડ-હડ્ડિયાँ, નહીં તો કલ અખાડે કૈસે ઉતરેગા?"(પૃષ્ઠઃ૮૯)

૩. "સૌ ઝરોખેવાલી એક બૈઠક ઔર નૂર મહલન મે યારો! પર બેલીરામ કો ક્યા ગમ? ઉસકી કડાહી સે તો દોનો બન-બન જાએંગે."(પૃષ્ઠઃ૯૦)

૪. "ઓ, મદ્દી ઓ અપને કલ-પૂર્જે સહી કર લો બડા જબર મૈદાન હૈ!" (પૃષ્ઠઃ૯૦)

આમ, મિત્રોને પતિ સાથે આવતાં જોઈને મહોલ્લાના વેપારીઓ જાત-જાતના વાક્યો દ્વારા તેમની પોકળ લોલુપતાને બહેલાવે છે. મિત્રો આ જોઈને ખુશ થાય છે જ્યારે, સરદારીની આંખ કરડી થાય છે. મિત્રોના પિયરના ઘરમાં પ્રવેશતાં જ તેની માં સરદારીને ભેટી પડવાની ઈચ્છા બતાવે છે.

કૃષ્ણા સોબતી આ નવલકથામાં મિત્રોની મુખ્ય નારી છબીને અંતે એક નવું પરિમાણ આપે છે. જેનાં અંશો નવલકથામાં વચ્ચે-વચ્ચે જોવા મળતાં તેની અંતની નિષ્ઠા અજુગતી નથી લાગતી. બિપિન આશરના મત પ્રમાણેઃ " 'મિત્રો મરજાની' નવલકથામાં મિત્રો નામની યુવતીની કાયા તરસની તીવ્રતા અંતે પ્રેમની અનન્યતા તરફ કેવી રીતે વળે છે, તેનું મનોવૈજ્ઞાનિક અભિગમથી આલેખન કર્યું છે."૨ આ સંદર્ભે જોઈએ તો મિત્રોનું પાત્ર મનોવૈજ્ઞાનિક અભ્યાસ માટે પણ ઘણો અવકાશ ધરાવે છે. જેના દ્વારા નારીની અતૃપ્ત ઈચ્છાઓ અને પ્રેમ વિષે તેના મનમાં ચાલતી ગૂંચવણનો પણ તાગ મેળવી શકાય છે. પિયરમાં આવેલી મિત્રોને તેની માં પરપુરુષ પાસે જઈને તેની શરીરની અતૃપ્તિ પૂરી કરવા અને જીવનને ભરપૂર માણવાની સલાહ આપે છે. મિત્રો સરદારીને મદ્યપાન કરાવી આ યોજનાને સાકાર કરીને એ રસ્તે આગળ પણ વધે છે. પરંતુ, રસ્તામાં જ વિચારોના વમળમાં મિત્રોની અસલી નારી છબીનું રૂપ પ્રગટ થાય છે. તેની માની ચાલાકી અને એકલતાના બિહામણા રૂપનું તેને ભાન થાય છે. મિત્રોને ફોસલાવીને થાનેદાર પાસે મોકલનારી માં સરદારી પર નજર બગાડે છે. આ વાતથી હચમચી ગયેલી મિત્રોને પોતાની જાત સાથે (Reality Check) કરવા પ્રેરાય છે. આ વાસ્તવિકતા મિત્રો માટે અસહ્ય બને છે. અંતે તે નિષ્ઠાના માર્ગે આગળ વધી ઘરે પાછી ફરે છે. આમ, 'મિત્રો મરજાની' નવલકથાનો અંત નવલકથાની વચ્ચેના કેટલાંક અંશો દ્વારા ચરિતાર્થ થાય છે.

આમ, કૃષ્ણા સોબતી નિરૂપિત 'મિત્રો મરજાની' નવલકથાના મુખ્ય પાત્ર મિત્રોની નારી છબી એ અત્યંત મોકળાશથી વિચારતાં કરી મૂકે તેવી છે. તન અને મનના અસ્તિત્વ અને સત્યની ગૂંચવણમાં આ નવલકથાની સ્ત્રી ઝૂરે છે. માનવીય મૂલ્યો તેને મન સ્વીકાર્ય છે જ્યારે રૂઢિ, બંધનો

અને માન્યતાઓ સામે તેનો ખુલ્લો વિરોધ અને પ્રતિકાર છે. સમાજમાં ચાલતું દુભાષીયાપણું, દોગલાપણું (Hypocrites) સામે અને દંભ સામે તેનો વિદ્રોહ છે. મનને કાયમી અને તનને હંગામી (Temporary) ગણવામાં આવતા સમાજમાં જ્યારે છેડતી, બળાત્કાર જેવી ઘટનાઓ અસ્તિત્વમાં આવે છે ત્યારે સમાજનું સાચું સત્ય પ્રકાશિત થાય છે. આ સમાજમાં કૃષ્ણા સોબતી એ કોઈ પણ બંધન, નડતર કે પડદા વિના તનની ઝંખનાને વાચા આપતી સ્ત્રીની છબી આ નવલકથામાં આપી છે.

ડૉ. શાહનાજ જાફર બાસમેહ તેને 'Sexual frustration' કહે છે.૧ સામાજિક વ્યવસ્થા, વિચારતંત્ર અને કહેવાતાં સંસ્કારી લોકોને પડકાર આપે તેવી નારીછબીનું નિર્માણ આ નવલકથામાં જોઈ શકાય છે.

## ૫.૩ 'મિત્રો મરજાની'-હિન્દી નવલકથામાં ગૌણ નારી છબીનો અભ્યાસ:

'મિત્રો મરજાની' નવલકથાના ગૌણ પત્રોમાં ધનવંતી, સુહાગવતી, ફૂલાવંતી, બાલો, સોમા અને રાની જેવા વિવિધ નારીપાત્રોનો સમાવેશ થાય છે.

### ૫.૩.૧ ધનવન્તી:

ધનવંતી એ સુહાગવંતી, સુમિત્રાવન્તી અને ફૂલાવંતીની સાસુ છે. નવલકથાની શરૂઆતમાં પતિ ગુરૂદાસ સાથેના વાર્તાલાપ પરથી પ્રતીત થાય છે કે, ધનવંતીનું આખું જીવન ઘરની સેવામાં સમર્પિત રહ્યું છે. તેના સંસ્કારો, સ્વભાવ અને ચારિત્ર્યથી ગુરૂદાસ અને તેનું આખું કુટુંબ ખુશ છે. ગુરૂદાસ ઈચ્છે છે કે ધનવંતી કામના સમયમાંથી થોડો સમય પોતાની સાથે વ્યતીત કરે. અર્થાત, લગ્નના આટલાં વર્ષો પછી વૃદ્ધાવસ્થામાં પણ બંને વચ્ચે અટલ પ્રેમ અને શ્રદ્ધા છે. પરિવારધર્મી એવી ધનવંતી એ એવી નારી છબી છે કે કોઈ પણ સમયે, કોઈ પણ પરિસ્થિતિમાં પરિવારને એક તંતુએ જોડી રાખવા તે બનતાં દરેક પ્રયત્ન કરે છે.

ગુરૂદાસને દાંતના દુખાવાના સમયે ગરમ દૂધ આપતી વખતે નાની વહુ ફૂલાવંતી તેને ટોણો મારે છે. જેનાથી ધનવંતીનું હૃદય ભરાઈ આવે છે. તે આ સમયે પોતાની સાસુને તેમજ સાસુએ આપેલી શીખામણોને યાદ કરે છે. સ્વર્ગવાસી સાસુ પ્રત્યે તેને હજુય અપાર પ્રેમ છે. આમ, સુશીલ તેમજ ભારતીય સમાજમાં ભાવુક, શીલમય ચરિત્ર કહી શકાય તેવું ધનવંતીનું ચરિત્ર છે. સૌથી મોટી વહુ સુહાગવંતી પ્રત્યે તેને અપાર પ્રેમ અને લગાવ છે. વચલી વહુ મિત્રો પ્રત્યે તેને પરિસ્થિતી પ્રમાણે પ્રેમ, આશંકા, તિરસ્કાર, નાનપ, ત્રાસ, દ્વિધા વગેરે જેવા ભાવો અનુભવે છે. નાની વહુ ફૂલાવંતીના ત્રાગા અને સ્વાંગથી તે અતિશય ત્રાસ અનુભવે છે. પોતાના કોઈ પણ વાંક વિના તેને ઘડપણમાં ફૂલાવંતીના મ્હેણાં-ટોણાં સાંભડવા પડે છે તેનું તેને દુઃખ છે. વચલી વહુ મિત્રોના કકળાટની પરિસ્થિતિથી તેનો સ્વભાવ વિપરીત છે. મિત્રોને સામું બોલતાં, સ્વચ્છંદપણે વ્યવહાર કરતાં રોકે છે. મિત્રો જેનો પતિ અને જેઠ સાથેની મારપીટ અને ઝઘડાંથી તે હેરાન છે, તે જ મિત્રો જેઠાણી સુહાગવંતી અને સાસુ તરીકે તેનો પક્ષ લે છે અને ફૂલાવંતીને પાઠ ભણાવે છે ત્યારે મિત્રો માટે ઉત્પન્ન થતી દ્વિધા મનુષ્ય સહજ અને સ્વાભાવિક છે. મિત્રોના ચરિત્ર નિર્ણયને લઈને તે ખૂબ મૂંઝવણમાં છે. તેની એક સાથી માત્ર મોટી વહુ સુહાગવંતી છે જેને તે સુખ-દુઃખની વાતો વહેંચે છે. મિત્રો અને ફૂલાવતીના સ્વચ્છંદ વર્તનથી ત્રાસેલી તે કહે છે કે, "બહૂરિયોં, મેરે કહે-સૂને કી મુઝે માફી દો! મૈં ન જાનતી થી કી મૈં ઇસ ઘર કી માં નહીં...ટહલન હૂઁ ટહલન!"(પૃષ્ઠઃ૨૮)

જ્યેષ્ઠ પુત્ર બનવારી અને વચલા પુત્ર સરદારી પ્રત્યે તેને ઘરનાં પુત્રો તરીકે માન છે તો બેકાર નાના પુત્ર ગુલઝારી પ્રત્યે ઘણી સહાનુભૂતી છે. ફૂલાવંતીની વાતમાં આવીને ગુલઝારી ઘરજમાઈ બની ગયો તેનું તેને ઘણું દુઃખ છે. સુહાગવંતીના સુશીલ ચરિત્રમાં તે પોતાની છબી જુએ છે. જેમ સાસુએ શીખવાડેલ સંસ્કારોમાં તે જીવનભર ઘરને ટકાવી રાખવાની પહેલ કરે છે. તે જ સંસ્કારો તે સુહાગવંતીમાં જુએ છે. ઘણાં સમય બાદ, પિયરે આવતી જનકો અને તેનાં પુત્ર પ્રત્યે તેને અપાર સ્નેહ છે.

આમ, સુશીલ પત્ની, પ્રેમાળ મા, પરિવારધર્મી સાસુ તેમજ કોઈ પણ નિર્ણય જાતે ના લઈ શકતી હોવા છતાં, સ્વનિર્ણયનો અધિકાર ના હોવા છતાં ઘર અને કુટુંબ માટે જીવન સમર્પણ કરતી નારીની છબી ધનવંતીના રૂપે આપણને મળે છે.

## <u>૫.૩.૨ સુહાગવંતી</u> :

ઘરની સૌથીમોટી વહુ સુહાગવંતી સ્વભાવ અને ચારિત્ર્યમાં સાસુ ધનવંતી જેવી જ છે. 'આદર્શ ભારતીય નારી' માં હોવા જોઈતા બધાં જ ગુણ સુહાગવંતીમાં જોવા મળે છે. પરિવારની સંભાળ રાખતી અને વડીલોનું સન્માન કરતી આ સૌથી સમજદાર પુત્રવધૂ છે. બનવારી સાથે તે આદર્શ ગૃહસ્થ સંસાર ચલાવે છે. સુખી દાંપત્યજીવન તેના જીવનનું એક અંગ છે. મિત્રોને તે નાની બહેનની જેમ સાંભળે છે અને તેનું સલાહ-સૂચન કરે છે. પ્રશ્નો અને વાત દ્વારા તે તેના જીવનનો દૃષ્ટિકોણ બદલવાની શીખ પણ આપે છે. તેનામાં દરેક માણસના, પરિવારના દરેક સભ્યના સ્વભાવને સમજવાની પરિપક્વતા છે, ગહન સમજ શક્તિ છે. તેથી જ તે ઘરનું મુખ્ય અંગ છે. જે ઘરનાં સભ્યોને આને ઘરનાં વડીલોને સુગ્રથિત તાંતણે બાંધી રાખે છે. સુહાગવંતી એ ધનવંતી અને ગુરૂદાસ માટે આદર્શ વહુ છે. મિત્રો અને ફૂલાથી કંટાળેલા વડીલ સાસુ-સસરા માટે સુહાગ જ એક આશાનું કિરણ છે.

નણંદ જનકો પ્રત્યે પણ તેને લાગણી છે. ફૂલાવંતી જેવી ત્રાગા કરતી સ્ત્રી તેનું મન દુભાવે છે. મિત્રોના સ્વભાવથી તે પરિચીત છે. મિત્રોના ચરિત્ર અને વ્યક્તિત્વમાં કામવાસનાની અતૃપ્તતા વિનાની મિત્રોને પણ તે સારી રીતે પારખે-જાણે છે. તેથી તે મિત્રોને સાચી રાહ પર લાવવાનો પ્રયત્ન કરે છે. જનકો પછી સુહાગવંતી ગર્ભવતી હોવાના સમાચારથી વડીલ સાસુ-સસરા ઘણાં ખુશ છે. પરંતુ, ઘરકામમાં તેને મિત્રોજ મદદરૂપ બને છે. સાસુ ધનવંતી સુહાગવંતીના ગર્ભવતી હોવાનાં સમાચારથી ખુશ થઈ તેના પતિ બનાવારીને કહીને સોનાના ઝૂમખાં ઘડાવી આપવા કહે છે. આમ,

સુહાગ એ ઘરની દુલારી પુત્રવધૂ છે. ત્યાં સુધી કે, મિત્રોને સુહાગવંતીને જોઈને સંતાનપ્રાપ્તિની ઈચ્છા જન્મે છે. આમ, મિત્રો પણ પરિવારને સંપૂર્ણ બનાવવા માંગે છે તેની જાણ સુહાગવંતીને છે.

મિત્રોમાં નવલકથાની અંતે આવેલાં પરિણામની શરૂઆત સુહાગવંતીની ગર્ભાવસ્થાથી જ થાય છે. પરિવારનો સાચો અર્થ અને પતિ પ્રત્યેનું સમર્પણ એ મિત્રો સુહાગ પાસેથી જ શીખે છે. અલબત્ત, તેનો કોઈ ત્વરિત પ્રભાવ જોવા મળતો નથી પરંતુ અંતે મિત્રોની જાગેલી નીતિમત્તા અને નૈતિકતાની સમજદારીમાં સુહાગવંતીનો પણ થોડેક અંશે ભાગ છે. કારણકે, સુહાગવંતી જ નવલકથાનું એક પાત્ર છે જે મિત્રો જોડે અચકાયા વિના ખુલ્લા મને વાત કરી શકે છે. આ બે પાત્રો વચ્ચે મિત્રતાનાં બીજ પડેલાં દેખાય છે. મિત્રોની નાદાનીથી વાકેફ સુહાગવંતી તેને બાળસહજ રીતે સમાજ, ધર્મ, કુટુંબ વ્યવસ્થાના નિયમો અને તેની જવાબદારીનું ભાન કરાવે છે.

મિત્રો નવલકથામાં સુહાગવંતી સામે નગ્ન થઈને, તેની કામવાસનાની અતૃપ્તિનું પ્રદર્શન કરી મોકળા મને વાત કરે છે. થાનેદાર સાથેના અનૈતિક સંબંધની વાત પણ મિત્રો સુહાગવંતીને કરે છે. આમ, માણસને અનૈતિકતાથી નૈતિકતાની રાહ પર લઈ જવા માટે, Confession માટેની જે મોકળાશ જોઈએ તે મિત્રોને સુહાગવંતી પાસે જ પ્રાપ્ત થાય છે. તે મિત્રોના દષ્ટિકોણમાં આવેલા પરિવર્તનનું એક પ્રભાવક પરિબળ છે. જે સીધી તેમજ આડકતરી રીતે મિત્રોના નૈતિક અંતમાં પરિણમે છે. આમ, આ પાત્ર નવલકથાનું ઘણું મહત્ત્વનું પાત્ર છે. આદર્શ વહુ, આદર્શ પત્ની, આદર્શ જેઠાણી અને આદર્શ મિત્ર તરીકે તેની છબી આ નવલકથામાં પ્રદર્શિત થાય છે.

## ૫.૩.૩ ફૂલાવંતી:

આ નવલકથાનું ખલ પાત્ર કહી શકાય તેવું પાત્ર ફૂલાવંતી છે. ઘરની તે સૌથી નાની પુત્રવધૂ છે. તે ઘરની જવાબદારી કે કામકાજ પ્રત્યે બેધ્યાન છે. ઘરનું કામકાજ ન કરતી ફૂલાવંતી પાસે બીમાર હોવાના નાટક કરવાના અઢળક બહાના છે. જેના તરફ સાસુ અને સુહાગવંતી તેમજ

મિત્રો સારી રીતે સભાન છે. આ ત્રણેય સ્ત્રીઓઃ ધનવંતી, સુહાગવંતી એન સુમિત્રાવંતી(મિત્રો) એ ફૂલાવંતીના ત્રાગા અને સ્વાંગ રચવાની ટેવથી પરિચીત છે. તેમ છતાં, ફૂલાનો સામનો કરવાની તાકાત માત્ર મિત્રોમાં છે. તે સાસુ અને જેઠાણીનો પક્ષ લઈને અને ભાવુક બની ફૂલાવંતીની વાતમાં આવી જતાં અટકાવે છે. ફૂલાવંતીનો પતિ ગુલઝારી કામકાજ વગરનો બેકાર છે. જેથી ઘરમાં સૌથી વધુ હાજર રહેતો પુરુષ છે (ત્રણેય દીકરાઓમાં). ગુલઝારીને ફૂલા પ્રત્યે જે પ્રેમ છે તે પ્રેમનો ફૂલાવંતી ફાયદો ઉઠાવે છે. પતિને દબાવીને પોતે કહેલું કરવા પ્રેરે છે અને કરાવે પણ છે. કોઈ તેને રોકે તો પિયરપક્ષની શ્લાઘા માટે ફૂલા હંમેશા તત્પર રહે છે.

ત્યાં સુધી કે, લગ્નમાં આવેલાં દાગીના અને કપડાં તે જેઠાણી અને સાસુ પાસે પાછા માંગે છે. વ્યવહારમાં આવેલાં ઘરેણાં અને કપડાં કંકાસનું કારણ ન બને તે માટે સુહાગ એ ઘરેણાં અને કપડાં પાછા આપે છે, ત્યારે મિત્રો ફૂલાને પાઠ ભણાવે છે. ફૂલાવંતી પિયરપક્ષી હોવાથી ત્રાગા કરીને ભાઈઓને બોલાવીને સ્વસુરપક્ષે ઘરનાં સભ્યોને દબાણ સર્જે છે. તેમજ આખરે, ગુલઝારીને ઘરજમાઈ બનાવીને પોતાના પિયરમાં રહેવા લઈ જાય છે. ત્યાં પણ તેનો નાટકીયા સ્વભાવ બદલાતો નથી. ત્યાં પણ મા સામે ભાભીઓને 'કણકૂતરિયો' કહીને તેમની ટીકા કરે છે. તેમજ ભાભીઓની હાજરીમાં મગરનાં આંસુ ટપકાવીને સહાનુભૂતિ મેળવવા માટેનો નાટકીય પ્રયત્ન પણ કરે છે. પરંતુ, ભાભીઓ સોના અને રાની તેના આ સ્વભાવથી પરિચીત હોય તેઓ પણ તેની સામે નાટક આદરે છે. આમ, ફૂલાવંતીનું આ નારી ચરિત્ર નાટકીય, સ્વાર્થી, ખલ તેમજ આત્મતૃપ્તિ માટે પતિ પાસે ધારેલું કરાવતી નારી તરીકેનું છે.

પિયર તેમજ સાસરી બંને પક્ષે અશાંતિ રાચતી ફૂલાવંતી ને મિત્રો 'ફરેબવંતી' નું પદ આપે છે. પિયરમાં માં ને તે કહે છે કે, "ભાબો! ઇન દોનોં કનકૂતરિયો સે તુમ્હી નિબટો...ઇનસે પાર પાના મેરે બસ ક નહીં."(પૃષ્ઠઃ૬૧)

આમ, છળ, કપટ, ધોકો, નાટક, ત્રાગા, દુશ્મની કરવાની વૃત્તિ, સામેથી ઝઘડો કરવાની આદતવાળી કર્કશા વહુ અને પત્ની તરીકેની છબી આપણને આ નવલકથામાં ફૂલાવંતીનાં સ્વરૂપમાં મળે છે. સાચી બુરાઈ અને અનૈતિકતાનો ખરો અર્થ પ્રદર્શિત કરતું સૂચક નારીપાત્ર ફૂલા છે.

## ૫.૩.૪ બાલો :

બાલો એ મિત્રોની મા છે. તે નવલકથાનું ઘણું મહત્ત્વનું પાત્ર છે. જે નવલકથાની અંતમાં આવે છે અને અંતને સૂચકતા આપે છે. તે નૂરમહલની કસબણ છે. મિત્રો એ બાલોના અનૈતિક સંબંધોનું એક પરિણામ છે. જે મિત્રોના જ સંવાદ દ્વારા કૃષ્ણા સોબતીએ જણાવ્યું છે. બાળપણથી જ બાલો એ મિત્રોનો ઉછેર પણ આ જ રીતે કર્યો છે. જેનાથી મિત્રોનું ચરિત્ર ઘડાય છે. સંસ્કારોના સિંચનને બદલે રંગીન મિજાજી દુનિયા અને એ દુનિયામાં જીવતાં અન્ય અનૈતિક માણસો વચ્ચે જ મિત્રોનો ઉછેર થયો છે. મન કરતાં તનની લાલસા અને અનંત અતૃપ્તિ એ આ દુનિયાના લક્ષણો છે.

આમ, બાલો એ કસબણ તેમજ એવી સ્ત્રી છે જે પોતાની દિકરીને પણ આ જ દુનિયામાં જીવતાં શીખવાડે છે. તેને તે પોતાની જેવી જ કરી મૂકે છે. મહોલ્લાનાં ફેરિયાઓ, દુકાનદારો, તહસીલદારો, થાનેદારો વગેરે સાથે બાલોના અનૈતિક સંબંધ છે અને તે મિત્રોને પણ તેમની સાથે શરીરસંબંધ માટે પ્રેરે છે. બાલોની અનૈતિકતા ત્યાં સુધી છે કે પોતાની જ દિકરીના પતિ સરદારીલાલ પર પણ તેની કુદૃષ્ટિ છે. તે પોતાની ઘરે આવેલી દિકરી અને જમાઈને આવકારીને સરદારીને આશીર્વાદ આપે છે કે, "સૌ સૌ જવાનીયાં માનો સરદારીલાલ."(પૃષ્ઠ:૮૯) બાલો મિત્રોને જીંદગી માણવાની સલાહ આપતા કહે છે કે, "અરી લહર હો તો બુલાઉ તેરી બગીચી કે લિએ કોઈ માલી?"(પૃષ્ઠ:૯૧)

બાલો જ મિત્રોને કુમાર્ગે દોરીને સરદારીને શરાબ પીવડાવવાની વ્યવસ્થા કરી આપે છે. સરદારીલાલના સૂતાં પછી તે મિત્રોને થાનેદાર પાસે શરીરસંબંધ માટે મોકલીને પોતે સરદારીલાલ પર નજર બગાડે છે. જ્યારે મિત્રોના મનમાં આ વ્યવસ્થાનો તાગ મળી જાય છે ત્યારે તેના મનમાં 'મા' તરીકેની બાલોની છબી સંપૂર્ણપણે બદલાઇ જાય છે. ચારેય બાજુ અંધકારમાં ફસાઈ હોય તેવો ભાસ થાય છે.

બાલોનું ચરિત્ર એ પ્રકારનું છે કે, તેનું નીચલા સ્તરનું માનસ એકલતા સ્વીકારવા તૈયાર નથી. વાસ્તવિકતાનો પર્દાફાશ થતાં તે મિત્રોને તેના ઘડપણ દરમિયાનની એકલતા વિષે કહે છે તેમજ કહે છે કે "મુઝે અબ અકેલે છોડકર ન જાના મૈં સરદારીલાલ કો મના લૂંગી."(પૃષ્ઠ:૯૮) આટલાં વર્ષોથી શરીરસુખની મજા માણીને હજુ અસંતોષની સીમા પર છે પરંતુ, જીર્ણ થઈ ગયેલું છે. જીર્ણ શરીરની વાસ્તવિકતા છતાં તેનું મન વાસનાગ્રસ્ત છે. જે આ નવલકથામાં અંતનું પરિબળ બને છે. તેમજ મિત્રોના માનનાં પરિવર્તનનું પણ અસરકરારક પરિબળ બને છે.

આ નારી ચરિત્ર એ પ્રકારનું છે કે, મા પોતાની દીકરીનો જ દ્વેષ કરે છે અને સંસાર બગાડવાની હદ સુધી પહોંચે છે. આવું ભયાનક પાત્ર કૃષ્ણા સોબતીએ એક 'મા' ના સ્વરૂપમાં આપ્યું છે તે જ અહીં અનૈતિકતાની હદ ચિત્રિત કરી બતાવે છે. મિત્રો પાસે પતિના રૂપમાં સુરક્ષિતતા (Security) છે, જ્યારે બાલો આટલાં વર્ષે પણ એકલી અને અધૂરી છે. પતિ નથી, પરિવાર નથી, તે હવે એકલતાની એ જાળમાં ફસાઈ છે જ્યાં હવે માર્ગ જોઈ શકાતો નથી. તેનાથી બહાર નીકળવા તે મિત્રો અને સરદારીનો સાથ ઝંખે છે. કામ અને વાસનાના ક્ષણભંગુર આનંદને જીવનનો આનંદ માની બેઠેલી બાલોની અંતે હાર થાય છે, એ પણ પોતાની દિકરી સામે. 'હું સરદારીલાલને મનાવી લઇશ.' – આ વાક્યની ભયાવહતાથી મિત્રોનું હૃદય હચમચી ઊઠે છે. મા ને તે 'સિદ્ધ ભૈરો કી ચેલી' કહે છે તેના કાલા જાદુ (Black Magic) ને પોતાના પતિથી દૂર રાખવાનું કહે છે.

આમ, પરિવારની જીવનની સાર્થકતામાં જ ભલાઈ છે એવો ભારતીય પરિવાર વ્યવસ્થાને લીલી ઝંડી આપતો અંત આ નવલકથામાં છે. જે બાલો જેવી એકલી, શૂન્યતાગ્રસ્ત, હારી ગયેલી, અતૃપ્ત, પાખંડી મા સામે મિત્રોના પાત્રનું વિચારયુદ્ધ/મનોમંથન અને જીત ધરાવે છે.આમ, મિત્રોના જન્મ, ઉછેર, સંસ્કાર, પાર્શ્વભૂ સમજવા માટેનું અતિમહત્ત્વનું નારી પાત્ર બાલો છે.

## ૫.૩.૫ સોમા અને રાનીઃ

સોમા અને રાની ફૂલાવંતીની ભાભીઓ છે. મોટી ભાભી સોમા અને નાની ભાભી રાની છે. બંને ભાભીઓની વાત નવલકથામાં ત્યારે આવે છે જ્યારે, ફૂલાવંતી પિયરમાં ગુલઝારીને ઘરજમાઈ બનાવીને રહેવા જતી રહે છે. તે પોતાની મા ને આ ભાભીઓ પ્રત્યે ભડકાવે છે. અને કાનભંભેરણી કરે છે. આ બંને ભાભીઓ નણંદના સ્વભાવથી પરિચીત છે તેમજ અતિચાલાક છે. જે સાસુ અને નણંદ ફૂલા સામે જતાં જ નાદાન અને અતિ ભલી-ભોળી હોવાનું નાટક કરે છે. તેમજ ફૂલાને જોઈતી સહાનુભૂતિ આપે છે.

આ બંને પત્રોનું નવલકથામાં અસ્તિત્વ ગૌણ સ્વરૂપે છે તેમજ ભારતીય સમાજમાં મોટા ભાગે જોવા મળતી નણંદ અને સાસુ સામે ભલી-ભોળી બનતી ભાભી તરીકેનું છે. જે માત્ર (Supportive) સહાયક પાત્ર છે. તેમજ ફૂલા જેવી ઢોંગી સ્ત્રીને માથે સવા સેર હોય શકે તેનું ઉદાહરણ પૂરું પાડે છે.

## ૫.૩.૬ જનકોઃ

જનકો એ ગુરૂદાસ અને ધનવંતીની પુત્રી છે. સુહાગ, મિત્રો અને ફૂલાની તે નણંદ છે. નાની ઉંમરમાં પરણાવેલી જનકો માતા-પિતાને ખૂબ યાદ આવે છે. વૈશાખમાં છોકરાનું મુંડન છે. તે માટે જનકો પિયરમાં આવે છે ત્યારે પૌત્રથી ઘરનું આંગણું અને સૌ કોઈ ખુશ-ખુશાલ થઈ જાય છે.

સુહાગ જનકોને નાની બહેનની જેમ લાડ લડાવે છે. મિત્રો તેના પતિ સાથેના સંબંધો વિષે પૂછે છે. આ સવાલોથી શરમાઈ જતી જનકોને સુહાગ ઘરમાં અંદર જવાનું કહે છે.

આમ, જનકોનું પાત્ર અન્ય નણંદ (ફૂલા-તેની ભાભીઓ) થી વિપરીત વ્હાલસોઈ દિકરી તેમજ નણંદનું પાત્ર છે. જે કોઈ પણ સંતાપ, દ્વેષ કે ઝઘડાં વિના તેના સંસારમાં ખુશ-ખુશાલ છે.

## ૫.૩.૭ માયાવન્તીઃ

માયવંતી ફૂલાની મા છે. કિશના, બિશના અને સતરી એ ફૂલના ભાઈઓ છે. બહેનના સાસરીમાં નખરાં જોઈને તેઓને બહેનનું દુઃખ વાસ્તવિક લાગે છે. તે ફૂલા અને ગુલઝારીને પોતાના ઘરે રહેવા લઈ જાય છે. ફૂલાની મા માયાવન્તી તેને સાસરી અને ત્યાંની પરિસ્થિતી વિષે પૂછપરછ કરે છે. ફૂલાના મગરનાં આંસુ તેને વ્યથાના આંસુ લાગે છે. તેથી તે દિકરીને લાડકોડથી પંપાળે છે. ભાભીઓને તે દિકરીનું માથું દબાવવા માટે આજ્ઞા (Order) કરે છે.

મા-દિકરી એકલામાં ભબીઓને 'કણકૂતરીયો' નું વિશેષણ આપે છે. તેમજ તેઓ વિષે બુરાઈ કરે છે. આમ, દિકરી દુર્ગુણી હોય તોપણ તેનાં સઘળાં કાર્યો, સ્વાંગમાં સાથ આપતી તેમજ પોષતી માનું ચરિત્ર આપણને માયાવન્તીના સ્વરૂપમાં મળે છે.

## ૫.૪ ઉપસંહારઃ

કૃષ્ણા સોબતી 'મિત્રો મરજાની' નવલકથામાં અનેકરંગી અને અનેક મિજાજી નારીછબીને ચિત્રિત કરે છે. મિત્રો જેવું વિદ્રોહી, ધર્મ, સમાજ, વ્યવસ્થા, પરિવાર, અસ્તિત્વ વગેરેના નિયમો અને માળખા સામે પ્રશ્ન ઉઠાવતું અને સ્વપ્રયત્ને જાતે જ સમાધાન લાવતું વ્યક્તિત્વ આપણી સામે ખડું કર્યું છે. તેનાં પરીવર્તનમાં સકારાત્મક અને સહભાગી એવી સુશીલ, સંસ્કારી, કુટુંબધર્મી

જેઠાણી સુહાગવંતી અને નકારાત્મક રીતે સાચી અનૈતિકતા અને પાખંડના દર્શન કરાવતી દેરાણી ફૂલાવંતી નો વિરોધાભાસ (Contradiction) મિત્રોના વ્યક્તિત્વને સમજાવવામાં કામ લાગે છે. પોતાની વાસનાગ્રસ્ત માનસ ધરાવતી મા બાલો છે. જે તેની પાર્શ્વભૂ અને ભૂતકાળનાં પરિબળોને સમજાવવામાં કામ લાગે છે/ભાગ ભજવે છે. 'મિત્રો મરજાની'ની ભાષા નાટ્યાત્મક છે. બિપિન આશર આ સંદર્ભે કહે છે કેઃ "ભાષાશૈલીમાં પાત્રના બિન્દાસપણાને, ઉન્મુક્તપણાને, સ્વચ્છંદતાને ઉપસાવવાની તાકાત પણ છે."૩ ભાષામાં વ્યંગ્ય, કટાક્ષ અને નાટ્યાત્મક સંવાદોને કારણે પાત્રો વધુ નિકટતાથી ભાવક પર અસર ઉપજાવે છે.

પરિવારને સુગ્રથિત કરતી સાસુ ધનવંતી તેમજ સરળ સ્વભાવ ધરાવતી જનકો માં સંસ્કારનું સિંચન અને પરિવાર પ્રત્યે સ્નેહ છે. જે મિત્રોની આસપાસના કૌટુંબિક પરિસરને સમજવામાં યોગદાન આપે છે. આ ઉપરાંત, અમુક પરિસ્થિતિમાં આવતાં માયાવન્તી, સોમા, રાની વગેરે જેવા પાત્રો ફૂલાના વ્યક્તિત્વને સમજવામાં અતિમહત્વનાં તેમ છતાં સહાયક (Supportive Characters) નારી પાત્રો છે.

આમ, કૃષ્ણા સોબતી એ મિત્રો-સુમિત્રવંતીના સ્વરૂપમાં તેનાં સમયના નવલકથાના નારી પાત્રો થી વિલક્ષણ એવું નારી પાત્ર સર્જ્યું છે. જે તન અને મનના અસ્તિત્વ તેમજ બંનેના દ્વંદ્વ વચ્ચે જૂજતું અને જાતે જ સમાધાન લાવતું નારી પાત્ર છે. તેનાં સ્વ-અસ્તિત્વની શોધનો માર્ગ એ નવલકથાના અંત સુધી આવી તેને સાચો રાહ બતાવે કહ. તેની ઝંખના, અસંતોષ, અતૃપ્તિ, દ્વંદ્વ, સવાલો, ઈચ્છાઓ, વાસના આ સર્વ અનુભવો કે લાગણીઓ નીતિમત્તાનાં દ્વાર પર આવીને અટકે છે. તે પણ સ્વમાનભેર! કૃષ્ણા સોબતીની 'મિત્રો મરજાની' નવલકથાની નારી છબી વિલક્ષણ, રંગદર્શી તેમજ સમાજ માટે વિદ્રોહી છતાં અંતે નૈતિકતાના પથ પર આવીને અટકતી નારી છબી છે.

## ૫.૫ સંદર્ભ:

१. कृष्णा सोबती का कथा साहित्य एवं नारी समस्याएँ – डॉ. शहनाज जाफ़र बासमेह, अभय प्रकाशन, कानपुर, प्र.सं २००९

૨. નારીમનના ભાવપરીવર્તનનો સર્જનાત્મક આવિષ્કાર: 'મિત્રો મરજાની', ભારતીય નવલકથા, બિપિન આશર; ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧, પૃ.૧૦૯

૩. એજન; પૃ.૧૧૬